દાખલ તારીખ :-૨૫/૧૧/૨૦૧૦
રજીસ્ટર તારીખ :-૨૫/૧૧/૨૦૧૦
ફેંસલ તારીખ :-૨૮/૦૪/૨૦૨૬
સમયગાળો :- વર્ષ - માસ -દિવસ
૧૫- ૦૫ - ૦૩

सत्यमेव जयते

મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ અને ૮મા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ તથા સેશન્સ જજ સમક્ષ, મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)

એમ.એ.સી.પી. નં. ૧૬૪/૨૦૨૧
(જુનો એમ.એ.સી.પી. નં. ૧૯૫૦/૨૦૧૦)
આંક -૪૪

મહેશભાઈ ઈશ્વરભાઈ દેવીપુજક

ઉ.વ.આ.-૨૭, ધંધો-મજુરી,

રહે. ગામ-બાજરડા, તા- ધંધુકા, જી-અમદાવાદ.

......................અરજદાર

વિરૂધ્ધ

સ્વરાજ મઝદા નં. જી.જે.૧.એ.ટી.૭૯૪૭ ના માલિક, વીમા કંપની

(૧) ભાવેશ નવનીતરાય રાજગુરૂ (માલિક)

રહે. હાલ રહે. બ.નં. ૧૩, શ્રીજી પાર્ક સોસાયટી, નિગમ રોડ,

સ્મૃતિ મંદિર પાસે, ઘોડાસર, અમદાવાદ.

(૨) નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લિ. (વીમા કંપની)

ઠે. જસવંત ચેમ્બર્સ, રૂપાલી સિનેમા પાસે, લાલ દરવાજા, અમદાવાદ

.....................સામાવાળાઓ

બાબત:- મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૬૬ હેઠળ રૂા.૩,૦૦,૦૦૦/- નું વળતર મેળવવાની અરજી.

<u>અરજદાર પક્ષ તરફે વિ.વ.શ્રી જે.સી.કિકાણી</u>
<u>સામાવાળા નં. ૧ તરફે એકતરફી</u>
<u>સામાવાળા નં. ૨ તરફે એમ.કે.પરમાર</u>

<u>-: ચુકાદો :-</u>

<u>કેસની ટુંકમાં હકીકત :-</u>

૧. તા: ૨૪/૦૫/૨૦૧૦ ના રોજ અરજદાર તેમની પત્ની ચંદાબેન તથા તેઓનો નાનો પુત્ર અનુજ ઉ.વ. ૧ાા વર્ષ નાઓ તેમના સાસરે રાયપુર આવેલા હતા ત્યાંથી સવારમાં નીકળીને મજુરીકામ જવા અરજદાર તથા તેમની પત્ની બગોદરા ત્રણ રસ્તા ઉપર જે કોઈ ટ્રક, મેટાડોર જેવા વાહનોમાં માલ સામાન ભરવા/ઉતારવા મજુરી કામે જવા ગયેલા અને ત્રણ રસ્તા પાસે ઉભા હતા તેવામાં સવારના દસેક વાગ્યાના સમયે એક સ્વરાજ મઝદા ટ્રક ધંધુકા તરફથી આવેલી અને તેના ચાલકે ત્રણ રસ્તે ઉભી રાખી થોડીવાર પછી ટ્રક ઉપાડતી વખતે અમદાવાદ મજુરીકામે આવવા બુમો પાડતા અરજદાર તથા તેમના પત્ની ચંદાબેન બંને જણા મજુરી કરવા આવવાની ડ્રાઈવર સાથે વાત કરીને ટ્રકમાં પાછળની બાજુ ચઢી રહયા હતા. અરજદારની પત્ની ચંદાબેન પહેલા ચઢેલા અને તેના હાથમાં નાનુ બાળક આપીને પછી અરજદાર ચઢવા જતા હતા તે દરમ્યાન ટ્રક ડ્રાયવરે ટ્રક અચાનક પુરઝડપે ઉપાડતા આંચકો આવતા અરજદાર નીચે પડી ગયેલા અને રોડ ઉપર પછડાવાથી અરજદારને જમણી હાંસડીનું અને સર્વાઈકલ જમણા પગે થાપા પાસેનું ફ્રેકચરો થયેલા, જેની સારવાર લેવા છતા કાયમી ખોડ રહી જવાને કારણે અગાઉના માફક સારૂ થયેલ નથી અને અનેક મુશ્કેલીઓ ભોગવી રહેલ છે. આ બનાવ પછી ટ્રક ડ્રાઈવર આજુ બાજુના માણસો આવી જતા તેની ટ્રક લઈને ભાગી ગયેલ. જે ટ્રકનો નંબર આજુબાજુમાં આવેલ લોકોએ લઈ લીધેલો, જે નંબર અરજદારના પત્ની ચંદાબેનને આપતા તેણીનીએ દવાખાનેથી

ડોકટરશ્રીએ અરજદારના ઓપરેશન વિગેરે સારવાર બાદ કહેતા બગોદરા પોલિસ સ્ટેશને જઈ ફરીયાદ આપેલી. જેની પોલિસ તપાસમાં ટ્રક ચાલકને એરેસ્ટ કરી ધોળકા કોર્ટમાં રજુ કરતા જામીન પર મુકત થયેલ અને પોલિસ તપાસના અંતે ટ્રક ચાલક વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થયેલ જેનો ક્રિમીનલ કેસ નં. ૧૪૫૬/૨૦૧૦ નો છે, આ અકસ્માત ટ્રક ચાલકની સંપુર્ણ બેદરકારીથી બનેલ હોય આ કામના તમામ સામાવાળાઓ સંયુકત અને વિભકત રીતે અરજદારને વળતર ચુકવી આપવા કાયદેસર જવાબદાર તેમજ બંધાયેલા છે.

અકસ્માત અગાઉ અરજદાર ૨૮ વર્ષની ઉંમરના, શરીરે તંદુરસ્ત, સ્વસ્થ અને નિરોગી હતા તેમજ તેઓને કોઈ રોગ કે ખોડ ખાંપણ ન હતા. અરજદારે ધોરણ ૭ સુધીનો અભ્યાસ કરેલ છે. અરજદાર મજુરી કામ કરી દૈનિક રૂા. ૧૫૦/- લેખે માસિક સરેરાશ રૂા. ૪,૦૦૦/- કમાતા હતા. અકસ્માતમાં ગંભીર પ્રકારના ફ્રેકચરની ઈજાઓ થતા તેની ઓપરેશન વિગેરે સારવાર લેવા છતા અગાઉની માફક કામકાજ કરી શકતા નથી, ચાલી શકતા નથી, વજન ઉંચકી શકતા નથી કે સાયકલ હંકારી શકતા નથી, આ તમામ તકલીફો ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. અકસ્માતમાં ઈજાઓ થવાથી અરજદાર કામ પર જઈ શકતા ન હોય તેઓને આવકની નુકસાની ભોગવવી પડેલ છે તેમજ તેઓની સારવાર, દવાઓ, સ્પેશ્યલ વાહનના ભાડા પાછળ તથા સારવાર સારૂ રહેનાર વ્યકિતને આવકની નુકસાની ભોગવવી પડેલ છે અને ખુબજ મોટો ખર્ચ થઈ ગયેલ છે. અરજદારને ઈજાઓ થવાથી શરીરે કાયમી ખોડ રહી ગયેલી છે અને તેથી તેઓને રોજીંદા કામ કરવામાં તકલીફ પડે છે અને તેઓ અગાઉની જેમ કામકાજ કરી શકતા નથી, જેથી અરજદારે તમામ સામાવાળાઓ પાસેથી રૂા. ૩,૦૦,૦૦૦/- નું વળતર

૧૫%ના ચઢતા વ્યાજ સહિત મેળવવા તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ મેળવવા હાલની અરજી કરેલી છે.

૦૨. અરજદારની અરજી લગત સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળાઓને નોટીસ બજી ગયેલ છે. સામાવાળા નં. ૧ નાઓ જાતે કે તેઓના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ ન હોય સદરહુ અરજી તેઓની સામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

જયારે આ કામના સામાવાળા નં. ૨ નાઓ હાજર થયેલ છે અને આંક– ૧૧થી અરજદારની વળતર અરજી સામે વાંધા–જવાબ રજુ રાખેલ છે.

૦3. અરજદારની વળતર અરજી ધ્યાને લઈ મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા આંક– ૧૮ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

<u>I S S U E S</u>

(1) Whether the petitioner proves that he/she has sustained serious injuries as a result of the rash and/or negligent driving by the driver of the vehicle involved in the accident?

(2) Whether the petitioner proves that he/she is entitled to get claimed by her/his or any part thereof from the opponents or any of them?

(3) What order?

૦૪. ઉપરોકત મુદ્દાઓ સંબંધે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં. ૧ :– હકારમાં,

(૨) મુદ્દા નં. ૨ :– ચર્ચા મુજબ અંશત: હકારમાં,

(૩) મુદ્દા નં. ૩ :– અંતિમ હુકમ મુજબ,

૦૫. અરજદારે તેઓની અરજી મુજબનો કેસ પુરવાર કરવા સારૂ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(ક) મૌખિક પુરાવો :–

અનુક્રમ	**આંક**	**વિગત**
૧	૨૩	અરજદાર મહેશભાઈ ઈશ્વરભાઈ પરમાર જાતે દેવીપુજક નાઓની સોગંદ ઉપર સરતપાસ એફીડેવીટ

(ખ) દસ્તાવેજી પુરાવો :–

અનુક્રમ	**આંક**	**વિગત**
૧	૨૭	ફરીયાદ
૨	૨૮	પંચનામુ
૩	૨૯	અકસ્માતમાં સંડોવાયેલ વાહનનું પંચનામુ
૪	૩૦	શાળા છોડયાનું પ્રમાણપત્ર
૫	૩૧	ચાર્જશીટ(ક્રિમીનલ કેસ નં. ૧૪૫૬/૨૦૧૦, ધોળકા જે.એમ.એફ.સી.કોર્ટ)
૬	૩૨	આરોપીએ કરેલ ગુના કબુલાત પુરસીસ
૭	૩૩	ક્રિમીનલ કેસ નં. ૧૪૫૬/૨૦૧૦ ના કામે ધોળકા જે.એમ.એફ.સી.કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો
૮	૩૭	અરજદારનું કાયમી ખોડનું પ્રમાણપત્ર
૯	૩૮	અરજદારના દવા–સારવારના બીલો/રસીદો
૧૦	૩૯	અરજદારનું ડો. જીગર ડી. શાહ ની

		હોસ્પિટલનું સારવાર સર્ટીફિકેટ

અરજદાર તરફે આંક– ૪૦ થી પુરાવો બંધ કરવાની પુરસીસ આવતા અરજદારનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) સામાવાળાએ પોતાના બચાવમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(ક) દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	**આંક**	**વિગત**
૧	૪૩	અકસ્માતમાં સંડોવાયેલ વાહન નં. જી.જે. ૧.એ.ટી.૭૯૪૭ વાહનની વીમા પોલિસી. પોલિસીનો સમયગાળો (તા: ૧૯/૦૨/૨૦૧૦ થી તા: ૧૮/૦૨/૨૦૧૧)

સામાવાળા નં. ૨ તરફે વિશેષ પુરાવો રજુ થયેલ ન હોય તેઓનો વિશેષ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૦૭. અરજદાર તરફે મૌખિક દલીલો રજુ કરવામાં આવેલ છે, જેમાં તેઓની મુખ્ય દલીલ છે કે, બનાવ સમયે અરજદાર ટ્રકમાં ચઢવાનો પ્રયત્ન કરી રહેલ હતા ત્યારે ટ્રકના ચાલકે અચાનક આંચકાથી ટ્રક ઉપાડતા અરજદાર પડી જતા તેઓને ઈજાઓ થયેલ. સામાવાળા નં. ૧ અકસ્માતમાં સંડોવાયેલ વાહનના માલિક અને સામાવાળા નં. ૨ વીમા ધારક હોય, તથા આરોપીએ સદર ગુનાના કામે થયેલ ચાર્જશીટના કામે ગુના કબુલાત કરેલ છે જે અંગેનો પુરાવો રજુ કરેલ છે, આમ અરજદારે પુરાવાથી સામાવાળાની

બેદરકારીથી બનાવ બનેલાનું પુરવાર કરેલ હોય વળતર અરજીમાં માંગ્યા મુજબનું વળતર અપાવવા રજુઆત કરેલ છે.

ત્યારબાદ સામાવાળા નં. ૨ તરફે કોઈ હાજર રહેતા ન હોય સામાવાળા નં. ૨ ની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે. પરંતુ તેઓ તરફે આંક– ૧૧ થી રજુ કરેલ વાંધા જવાબ ધ્યાનમાં રાખતા અરજદાર અનઓથોરાઈઝડ પર્સન હોય જેથી સામાવાળા નં. ૨ વીમા કંપની વળતર ચુકવવા જવાબદાર નથી તેવો બચાવ લેવામાં આવેલ છે.

<u>–: કારણો :–</u>

<u>મુદ્દા નં. ૧ : બેદરકારી તથા જવાબદારી અંગે :–</u>

૦૮. અરજદારે પોતાની આંક–૦૧ ની અરજીમાં જણાવેલ હકીકતને પુરવાર કરવા માટે આંક–૨૩ થી સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે, જે તેમની અરજીને અનુરૂપ છે, અને તે લગત સામાવાળા નં. ૨ તરફે તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે.

અરજદાર તેમની સરતપાસમાં તેમની અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે. સદર અકસ્માત સ્વરાજ મઝદા ટ્રક નં. જી.જે. ૧.એ.ટી.૭૯૪૭ ના ચાલકની સંપુર્ણ કસુર અને બેદરકારીથી બનેલો, અકસ્માત નિવારવા તેઓએ કોઈ પ્રયત્ન કરેલ નહીં અને તેમના કબજાની ટ્રકને અચાનક પુરઝડપે ઉપાડતા આંચકો આવતા અરજદાર નીચે પડી જવાથી સદર અકસ્માત બનેલો અને અરજદારને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી. જેથી સદર ટ્રકના ચાલક વિરૂધ્ધ બગોદરા પોલિસ સ્ટેશન ફરીયાદ થયેલી અને પોલિસ તપાસના અંતે ટ્રક ચાલક વિરૂધ્ધ ધોળકા

જે.એમ.એફ.સી. કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ થયેલ જેનો ક્રિમીનલ કેસ નં. ૧૪૫૬/૨૦૧૦ નો હોવાની, તથા સદર કેસના કામે આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ અને નામ. કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવેલ વિગતો જણાવેલ છે. જેથી અરજદારે તેઓને થયેલ નુકસાની વળતર પેટે તમામ સામાવાળાઓ પાસેથી રૂા. ૩,૦૦,૦૦૦/- નું વળતર ૧૫%ના ચઢતા વ્યાજ સહિત મેળવવા તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ મેળવવા હાલની અરજી કરેલાનું જણાવેલ છે.

અરજદારની સરતપાસ લગત સામાવાળા નં. ૨ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે. અરજદાર તેઓની ઉલટમાં જણાવેલ છે કે, અરજદાર જે સ્વરાજ મઝદા બેસવા જતા હતા તેનો નંબર જી.જે.૦૧.એ.ટી.૭૯૪૭ છે, અરજદાર ટ્રકના ડ્રાયવર માલિકને ઓળખતા ન હતા, અમદાવાદ મુકામે જે કોઈપણ મજુરી મળે તે મજુરી કરવા માટે તેઓ જતા હતા, ટ્રકની અંદર કયો માલ-સામાન ભરેલ હતો તેની તેઓને ખબર નથી, આ ટ્રકમાં તેઓ આ અગાઉ મજુરી કામ કરવા ગયેલ ન હતા, તેઓની સાથે તેમની પત્ની અને તેઓનું નાનું બાળક દોઢ વર્ષનું સાથે હતું, અરજદાર ટ્રકની ઉપર ચઢી શકેલ નહી તેથી ટ્રકની અંદર કોણ હતું તેની તેઓને ખબર નથી. અરજદાર તેઓની ઉલટમાં તેઓ ટ્રકની અંદર માલ સામાન ભરવા અને ઉતારવા તથા મજુરી કામ કરવા જતા ન હતા, તેઓ આ ટ્રકની અંદર પેસેન્જર તરીકે બેસવા ગયેલા ત્યારે આ બનાવ બનેલ એ વિગતો નકારેલ છે. અરજદાર ઉલટમાં વધુમાં જણાવેલ છે કે, ટ્રકમાં તેઓની પત્ની ચઢી ગયેલ હતા અને નાનું બાળક તેઓની પત્નીને આપી તેઓ ચઢવા જતા આ બનાવ બનેલો, બનાવની ફરીયાદ પોલિસમાં અરજદારની પત્નીએ તા: ૨૮/૦૫/૨૦૧૦ ના રોજ આપેલી, ફરીયાદમાં તેણીનીએ શું લખાવેલ તેની ખબર નથી, અરજદાર મોબુભાઈ મહાવીરભાઈ દેવીપુજકને ઓળખે છે, તેઓ અકસ્માત થતા આવી

ગયેલા અને તેઓએ એમ્બ્યુલન્સ બોલાવી આપેલી, અકસ્માત પહેલા મોબુભાઈ તેઓની સાથે હાજર ન હતા. અરજદાર તેઓની ઉલટમાં ચાલુ ટ્રકે તેઓ બેસવા જતા હાલનો બનાવ બનેલાની, તે તથા તેમના પત્ની ગુડઝ વાહનમાં અન ઓથોરાઈઝડ રીતે બેસવા જતા આ બનાવ બનેલાની વિગતો નકારેલ છે. અરજદાર તેઓની ઉલટમાં ટ્રક ગુડઝ વાહન હતુ પેસેન્જર વાહન ન હતુ તેવી વિગત સ્વીકારેલ છે.

અરજદાર તેઓની ઉલટમાં તેઓએ સરતપાસમાં જણાવેલી ઈજાઓ તેમને થયેલી નથી તે વિગત નકારેલ છે. અરજદારે તેઓની ઉલટમાં એ વિગતો સ્વીકારેલ છે કે, અકસ્માતનો બનાવ થતા સૌપ્રથમ તેઓને ડો. જીગર શાહ, ધોળકા મુકામે સારવાર માટે લઈ ગયેલા, તેઓને ડો. જીગર શાહને ત્યાં તા: ૨૪/૦૫/૨૦૧૦ના રોજ દાખલ કરેલા અને તા: ૦૧/૦૬/૨૦૧૦ ના રોજ ડીસ્ચાર્જ કરેલ, તા: ૦૧/૦૬/૨૦૧૦ પછી સારવાર લીધેલ હોય તેના કોઈ પેપર્સ આ કામે રજુ કરેલ નથી, ડીસ્ચાર્જ કાગળ આ કામે રજુ કરેલું નથી. અરજદાર તેઓની ઉલટ તપાસમાં ઓપરેશન કર્યા અંગેની હકીકત ખોટી જણાવતા હોવાની, તેઓને જમણી પાસળીમાં ફ્રેકચર થયેલાનું ખોટું જણાવેલી છે વિગેરે વિગતો નકારેલ છે. અરજદાર તેઓની ઉલટ તપાસમાં એ વિગતો સ્વીકારેલ છે કે, ડો. જીગર શાહને ત્યાં તા: ૦૧/૦૬/૨૦૧૦ પછી ઓ.પી.ડી. સારવાર ચાલુ હોવાનો કોઈ પુરાવો રજુ કર્યો નથી, તેઓએ ફીઝીયોથેરાપી કરાવેલી હોય તેના કોઈ બીલો રજુ કરેલ નથી.

અરજદાર તેઓની ઉલટમાં જણાવેલ છે કે, હાલમાં તેઓ સુરત મુકામે રહે છે, સુરતમાં દરજીકામ કરે છે, હાલમાં તેઓને દરજીકામના રૂા. ૨૦૦/− મજુરી મળે છે. અરજદાર તેઓની ઉલટમાં તેઓએ સરતપાસમાં જે શારીરીક તકલીફો બતાવેલી છે તે તકલીફો હવે રહી નથી, તેઓને કોઈ ખાયમી ખોડ રહેલી નથી વિગેરે વિગતો નકારેલી છે. અરજદાર તેઓની

ઉલટમાં જણાવેલ છે કે, કાયમી ખોડનું સર્ટીફિકેટ લેવા અમદાવાદ મુકામે તેઓ ડો. નરેન્દ્ર પી. લવીંગીયા સાહેબ પાસે ગયેલા, ડો. નરેન્દ્ર પી. લવીંગીયા સાહેબે તેઓની તપાસ કરી ફોટાઓ પાડેલા અને ખોડ હોવાનું જણાવેલું, ડો. નરેન્દ્ર પી. લવીંગીયા સાહેબનું દવાખાનું અમદાવાદમાં કયા વિસ્તારમાં આવેલું છે તે હાલ તેઓને યાદ નથી. અરજદાર તેઓની ઉલટમાં તેઓને થયેલ ખર્ચના બીલ તેઓએ રજુ કરેલ છે એવી વિગત સ્વીકારેલ છે. અરજદાર અમુક બીલ ખોવાઈ ગયેલાનું જણાવે છે. અરજદાર તેઓની ઉલટમાં અમુક બીલો ખોવાઈ ગયેલા છે તેવી હકીકત ખોટી જણાવતા હોવાની વિગત નકારેલ છે. અરજદાર અકસ્માત સમયે મજુરી કામ કરીને માસિક રૂા. ૪૦૦૦/– કમાતા હોવાનો લેખિત પુરાવો રજુ કરેલ નથી તેવી વિગત ઉલટમાં સ્વીકારેલ છે. અરજદાર અકસ્માત થયા પછી પણ તેઓ અકસ્માત પહેલા જે કામ કરતા હતા તે હાલમાં પણ કરી શકતા હોવાની, સરતપાસમાં જણાવેલ કે તેઓ મજુરી કામ કરી શકતા નથી તે હકીકત ખોટી જણાવેલી હોવાની, અકસ્માત થયા બાદ તેમણે આરામ કરવો પડેલો તે હકીકત સરતપાસમાં ખોટી જણાવેલાની, સરતપાસમાં જણાવેલ ખર્ચાઓ થયેલા નહી હોવાની, વધુ વળતર મેળવવા માટે સોગંદ પર ખોટી જુબાની આપતા હોવાની વિગેરે વિગતો સ્પષ્ટપણે નકારેલ છે.

ઉપર મુજબની અરજદારની સરતપાસમાં જણાવેલ હકીકતોના સમર્થનમાં અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો આંક– ૨૭ થી રજુ ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદ હાલની અરજીના અરજદારના પત્ની ચંદાબેન નાઓએ નાઓએ પોલિસ રૂબરૂ આપેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તા: ૨૪/૦૫/૨૦૧૦ના રોજ સવારના નવેક વાગ્યે તે તથા તેણીના પતિ મહેશભાઈ અને નાનો બાબો અનુજ ઉ.વ.૧ ની સાથે લઈ રાયપુરથી બગોદરા ખાનગી વાહનમા બેસી બગોદરા ખાતે પોણા

દસેક વાગ્યાના સુમારે બગોદરા ખાતે શિયાળ પાટીયા પાસે આવેલા અને આશરે દસેક વાગ્યા હશે તે અરસામાં બગોદરા તરફથી એક આયશર ગાડી વાદળી કલરની આવેલી જેનો નંબર જી.જે.એ.ટી.૭૯૪૭ નો હતો જે તેઓના સંબંધી મારફતે જેનું નામ મોબુભાઈ બાબરભાઈ દેવીપુજક રહે. જાંખડા તેઓ હાજર હતા તે વખતે તેઓ ગાડીમાં બાળક સાથે બેસી મજુરી કામ અર્થે જતા હતા અને તેણીના ઘરવાળા ચઢતા હતા તે દરમ્યાન આ ગાડીના ચાલકે પોતાની ગાડી એકદમ ઝડપથી ચાલુ કરતા તેણીના ઘરવાળા રોડ ઉપર પડી ગયેલ હતા તેથી તેણીના પતિને જમણા પગે તથા શરીરે ગંભીર ઈજાઓ થયેલ, જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ ગાડીમાં બારોબાર ડો. જીગર શાહ સાહેબ ધોળકાના હોસ્પિટલમાં તેણીના પતિને સારવાર માટે દાખલ કરવામાં આવેલ, તેઓને સારવાર દરમ્યાન જમણા પગે ફ્રેકચર થયેલાનું ડો. સાહેબનાઓએ જણાવતા તે તેણીના પતિની સારવારમાં હાલ સુધી રોકાયેલ અને ડો. સાહેબની સલાહ લઈ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરવા આવેલી છે. સદર આયશર ગાડી નંબર જી.જે.૧.એ.ટી.૭૯૪૭ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તેણીના પતિને રોડ પર પાડી તેણીના પતિને જમણા પગે ગંભીર ઈજા થયેલ હોય કાયદેસર થવા ફરીયાદ કરેલાનુ જણાવેલ છે.

વધુમાં આંક- ૩૧ થી રજુ ચાર્જશીટ જોતા તેમા આરોપી તરીકે રાજેશ ગણપતજી દરોગા- રાજપુત નાઓનું નામ લખેલ અને તહોમતની વિગતના કોલમમા આરોપીએ ગઈ તા: ૨૪/૦૫/૨૦૧૦ ના રોજ કલાક ૧૦:૦૦ વાગ્યાના સુમારે બગોદરાથી બાવળા જતા શિયાળ ત્રણ રસ્તા પાસે પોતાની ગાડી આયશર મજદા ગાડી નં. જી.જે.૧.એ.ટી.૭૯૪૭ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સાહેદ મહેશભાઈ ઈશ્વરભાઈ દેવીપુજકનાઓને ચાલુ ગાડીએ પાડી દઈ જમણા પગે ફ્રેકચર કરી પોતાનું

વાહન લઈ નાસી જઈ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો કરેલાનું જણાઈ આવે છે.

વધુમાં આંક– ૩૨ થી રજુ ફો.કેસ નં. ૧૪૫૬/૨૦૧૦ ના કામે આરોપીની કબુલાત પુરસીસ ધ્યાને લેતા આરોપી રાજેશ ગણપતજી દરોગા નાઓએ ઉપરોકત કેસમાં જણાવ્યા મુજબનો ગુનો કબુલ કરેલ છે.

વધુમાં આંક– ૩૩ થી રજુ ક્રિમીનલ કેસ નં. ૧૪૫૬/૨૦૧૦ના કામે નામ. કોર્ટનો ચુકાદો રજુ છે, જે ધ્યાને લેતા આરોપી રાજેશ ગણપતજી દરોગા નાઓએ ગુનો કબુલ કરેલ હોય તેઓને તકસીરવાન ઠરાવી કુલ રૂા. ૧૦૦૦/– નો દંડ ભરવાનો હુકમ કરેલ છે.

આમ, આંક–૨૭ થી રજુ ફરીયાદ, આંક– ૩૧ થી રજુ ચાર્જશીટ આંક– ૩૨ થી રજુ ફો.કેસ નં. ૧૪૫૬/૨૦૧૦ ના કામે આરોપીની કબુલાત પુરસીસ, આંક– ૩૩ થી રજુ ક્રિમીનલ કેસ નં. ૧૪૫૬/૨૦૧૦ના કામે નામ. કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા હાલની અરજીનો અકસ્માત વાળો બનાવ વાહન નં. જી.જે.૧.એ.ટી.૭૯૪૭ ના ચાલકની બેદરકારીને લીધે બનેલ હોવાનું જણાઈ આવે છે.

વધુમાં, આંક–૪૩ થી રજુ વીમા પોલીસીની નકલ ધ્યાને લેતા વાહનનો રજી. નં. જી.જે.૦૧.એ.ટી.૭૯૪૭ નો તથા માલિકનું નામ ભાવેશ નવનીતરાય રાજગુરૂ રહે. તગડી, તા–ધંધુકા, જી–અમદાવાદનાઓના હોવાનું લખેલ હોય જે હાલની અરજીના કામેના સામાવાળા નં. ૧ નાઓ છે અને પોલિસીનો સમયગાળો તા: ૧૯/૦૨/૨૦૧૦ થી તા: ૧૮/૦૨/૨૦૧૧ સુધીનો દર્શાવેલ છે, જયારે હાલનો અકસ્માતનો બનાવ તા: ૨૪/૦૫/૨૦૧૦ ના રોજ બનેલો છે. જેથી બનાવ સમયે વીમા પોલીસી અમલમાં હોવાનું જણાઈ આવે છે.

સદર કામે સામાવાળા નં. ૨ તરફે રજુઆત છે કે, અરજદાર અનઓથોરાઈઝડ ગ્રેટીટયુડ પેસેન્જર હોય વીમાની શરતનો ભંગ થયેલ હોય, સામાવાળા નં. ૨ પાસેથી કોઈ વળતર મેળવવા હકકદાર નથી, જે સંદર્ભે અરજદારની સરતપાસ, ઉલટતપાસ અને ફરીયાદ જોવામાં આવે તો અરજદાર ટ્રકમાં મુસાફરી કરતા હોય તેવી કોઈ હકીકત પુરવાર થયેલ નથી, વધુમાં તે અંગે સામાવાળા તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ વીમાની શરતોનો ભંગ થયેલ હોય તેવો કોઈ બચાવ કે કોઈ પુરાવો સામાવાળા નં. ૨ તરફે રજુ થયેલ નથી. જેથી સામાવાળા નં. ૨ ની સદરહુ દલીલ માનવાપાત્ર રહેતી નથી.

હાલનો અકસ્માતનો બનાવ જી.જે.૦૧.એ.ટી.૭૯૪૭ ના ચાલકની બેદરકારીથી બનેલ હોય, સામાવાળા નં. ૧ નાઓ વાહનના માલિક હોય અને સામાવાળા નં. ૨ નાઓ વીમા ધારક હોય જેથી સામાવાળા નં. ૧ તથા ૨ નાઓને સંયુકત અને વિભકત રીતે વળતર ચુકવવા માટે જવાબદાર ગણવામાં આવે છે.

૦૯. <u>વળતર અંગે :-</u>

(૯.૧) અરજદારને અકસ્માતમાં ઈજાઓ થતા તેઓને કાયમી ખોડ આવી ગયેલાની અને અકસ્માત સમયે તેઓની ઉંમર ૨૮ વર્ષની હતી અને તેઓ છુટક મજુરી કામ કરીને માસિક રૂા. ૪,૦૦૦/- જેટલું કમાતા હોવાની રજુઆત કરી માંગ્યા મુજબનું વળતર મેળવવા રજુઆત કરેલ છે.

(૯.૨) **<u>અરજદારની વય તથા ગુણાંક બાબત :-</u>**

અરજદારે પોતાની ઉંમર બનાવ સમયે ૨૮ વર્ષની હોવાનું જણાવેલ છે. જે સંદર્ભે આંક- ૩૦ થી શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર રજુ રાખેલ છે, જેમાં અરજદારની જન્મ તારીખ ૦૫/૦૭/૧૯૮૨ ના રોજની

જણાવેલ છે અને હાલનો અકસ્માતનો બનાવ તા: ૨૪/૦૫/૨૦૧૦ ના રોજ બનેલ હોય, જેથી બનાવ સમયે અરજદારની ઉંમર ૨૭ વર્ષ, ૧૦ મહિના, ૧૯ દિવસની હોવાનું જણાઈ આવે છે. જેથી અરજદાર ૨૬ થી ૩૦ વર્ષના વય જૂથમાં આવતા હોઈ ૧૭ નો ગુણાંક સરલા વર્મા એન્ડ અધર્સ વિ.દિલ્લી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન એન્ડ અનધર, એ.આઈ.આર. ૨૦૦૯(એસ.સી.) ૩૦૧૪ ના ચુકાદા મુજબ ધ્યાને લેવા પાત્ર રહે છે.

(૯.૩) **<u>આવક તથા ભવિષ્યની આવક વૃધ્ધિ બાબત :</u>**

(ક) <u>આવકની આકારણી બાબત :</u>

અરજદાર તરફે રજુઆત છે કે, તેઓ બનાવ સમયે છુટક મજુરીકામ કરીને માસિક રૂા. ૪,૦૦૦/- જેટલું કમાતા હતા પરંતુ તે સંદર્ભે અરજદાર તરફે કોઈ જ પુરાવા રજુ કરેલ નથી. પરંતુ અકસ્માત સમયના લઘુત્તમ વેતનદર, મોંઘવારી દર, ફુગાવો, અરજદારની વય તથા કામનો પ્રકાર ધ્યાનમાં રાખતા તેમજ બનાવ તા: ૨૪/૦૫/૨૦૧૦ ના રોજ બનેલ હોય વર્ષ-૨૦૧૦ ની નોશનલ ઈન્કમ ધ્યાનમાં રાખતા અરજદાર બનાવ સમયે માસિક રૂા. ૪,૦૦૦/- કમાતા હોવાનું ઠરાવવામાં આવે છે.

(ખ) <u>ભવિષ્યની આવક વૃધ્ધિ બાબત :</u>

અકસ્માત સમયે અરજદારની ઉંમર ૨૭ વર્ષ, ૧૦ મહિના, ૧૯ દિવસની હોય, જેથી અરજદાર ૪૦ વર્ષથી અંદરની વય જૂથમાં આવતા હોય ૪૦% ભવિષ્યની આવકવૃધ્ધિ ધ્યાનમાં લેવાનું નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લી. વિરૂધ્ધ પ્રણવ શેટ્ટી એન્ડ અધર એસએલપી(સિવિલ) નં. ૨૫૫૯૦/૨૦૧૪ ના ચુકાદાને ધ્યાનમાં રાખતા ઠરાવવામાં આવે છે.

(૯.૪) **<u>કાયમી ખોડ તથા કાર્યક્ષમતાની નુકશાની બાબત :</u>**

અરજદારને આવેલ શારીરિક ખોડ સામે તેઓને થયેલ કાર્યક્ષમતાની નુકસાનીની આકારણી માટે નામ. સુપ્રિમ કોર્ટના ૨૦૧૨ એ.સી.ને.૨૮(એસ.સી.) ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા સદર કામે અરજદાર તરફથી આંક– ૩૭ થી કાયમી ખોડ ૨૬% ગણવા એં ડો. લવિંગીયા નરેન્દ્ર પી.નું સર્ટીફિકેટ રજુ છે, જે સર્ટીફિકેટમાં જણાવ્યા મુજબ કાયમી ખોડને ૨૬% ગણેલ છે. પરંતુ અરજદાર તરફે કાયમી ખોડ ઘટાડાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે, જે સામે સામાવાળા નં. ૨ તરફે કાયમી ખોડ ૧૨% ગણવા સામે કોઈ વાંધો તકરાર ન હોવાનો શેરો કરેલ હોય જે ધ્યાને લેતા અરજદારની કાર્યક્ષમતા અને આવક પેદા કરવાની ક્ષમતાની નુકસાની ૧૨% ઠરાવવામાં આવ છે. આમ, ઉપરોકત ચર્ચાના અંતે અરજદારને નીચે મુજાબની રકમ ભવિષ્યની આવકની નુકસાની પેટે મળવાપાત્ર હોવાનું ઠરાવવામાં આવે છે.

Loss of future income

Monthly income Rs. 4,000/– **x** 40% (**Future prospective income**) **x** 12 (**Yearly**) **x** 12% (**Earning loss as discussed above**) **x** 17 (**Multiplier applicable**) = **Rs**. 137088/–

૧૦. <u>પી.એસ.એસ., એસ.એ.ટી., એક્ચ્યુઅલ લોસ તથા મેડીકલ ખર્ચ બાબત :</u>

અરજદાર પોતાને થયેલ ઈજાઓ બદલ અને શારીરિક–માનસિક આઘાત, દુ:ખ–દર્દ, મેડીકલ ખર્ચ, ટ્રાન્સપોર્ટેશન તથા એટેન્ડન્ટ ચાર્જીસ વગેરે મળીને રૂા. ૩,૦૦,૦૦૦/– નું વળતર સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે. જે સંદર્ભે અરજદાર તરફથી આંક– ૨૩ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં તેઓને દવા તથા સારવાર અંગે ખુબજ

ખર્ચ થયેલ હોવાનું જણાવેલ છે. જે સંદર્ભે અરજદાર તરફે આંક– ૩૮ થી દવા–સારવારના બીલો/રસીદો રજુ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતા અરજદારને દવા–સારવાર પાછળ રૂા. ૩૨,૭૬૮/– નો ખર્ચ થયેલ હોવાનું જણાઈ આવે છે, જેથી અરજદારને રૂા. ૩૨,૭૬૮/– ની રકમ સારવાર ખર્ચ પેટે ચુકવવાનું યોગ્ય જણાય છે.

વધુમાં ઈજાઓને લીધે અરજદારે લાંબા સમય સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ છે તથા ત્યારબાદ આરામ કરવો પડયો હોવાની હકીકતચ અરજદારના મેડીકલ પેપર્સને આધારે તથા કાયમી ખોડના આધારે જણાઈ આવે છે તેમજ અરજદારને તેના કારણે બે માસ સુધી સંપુર્ણ આરામ કરેલ હોય, બે માસની સંપુર્ણ આવક ગુમાવવી પડેલ હોવાનું માનવાપાત્ર રહે છે.

વધુમાં અરજદારે ઝડપી સ્વાસ્થ્ય લાભ માટે વિશેષ પૌષ્ટીક આહાર લેવો પડ્યો હોય અને તેનો ખર્ચ થયેલ હોવાનું પણ માનવાપાત્ર રહે છે તેમજ અરજદારની દેખરેખ માટે તથા સાથે રહેનાર વ્યક્તિએ પોતાની આવકની નુકશાની વેઠવી પડી હોય તે બાબત પણ ધ્યાનમાં લેવાપાત્ર છે. જેથી અરજદારને થયેલ બે માસની નુકશાની પેટે રૂા.૮,૦૦૦/– (૪,૦૦૦ x ૨) તથા સ્પેશિયલ ડાયટ, ટ્રાન્સ્પોર્ટેશન તથા એટેન્ડન્સની નુકશાની પેટે રૂા.૧૦,૦૦૦/– આપવા ઉચિત જણાઈ આવે છે તથા અરજદારની ઈજાઓ તથા કાયમી ખોડ જોતાં તેઓને અકસ્માતમાં થયેલ ઈજા અને કાયમી ખોડના કારણે વેઠવી પડેલી અને ભવિષ્યમાં વેઠવી પડનારી તકલીફો માટે પી.એસ.એસ. પેટે રૂા. ૨૦,૦૦૦/– આપવા ઉચિત જણાઈ આવે છે અને તે મુજબ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૧. સમગ્રપણે અરજદારને નીચે મુજબનું વળતર મેળવવા હક્કદાર ઠરાવવામાં આવે છે.

1	Loss of future income	Rs. 137088 /–

2	Pain, Shock and suffering	Rs.20,000/-
3	Medical Expenses	Rs.32,768/-
4	Actual loss of income	Rs.8,000/-
5	Special diet, transportation and attendant charges.	Rs.10,000/-
	Total Rs.	**Rs.2,07,856/-**

૧૨. <u>વ્યાજ અંગે :</u>

(૧૨.૧) અરજદારે પ્રતિવર્ષ ૧૫ ટકાનાં વાર્ષિક વ્યાજદરે વળતર ચુકવવા માંગણી કરેલ છે પરંતુ નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે ન્યુ ઈન્ડીયા ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. રાજકુમાર ધરમસીંગ – ૨૦૧૪ એસ.સી.સી. ઓનલાઈન જીયુજે ૧૩૫૫ ના ચુકાદામાં એવુ જણાવેલ છે કે,

> *7. In the light of the fact that in the case of **Josphine James v. United India Insurance Co. Ltd.** (supra), the Supreme Court has held that there was no justification for the Tribunal and the High Court in not applying the ratio of the decision of Association of Victims of Uphaar Tragedy and has awarded interest at the rate of 9% per annum, the court is of the view that the Tribunal was not justified in determining the rate of interest at 12% without any basis. Under the circumstances, the rate of interest is required to be reduced to 9% by following the decision of the Supreme Court in the case of **Municipal Corporation of Delhi v. Association of Victims of Uphaar Tragedy** (supra).*

(૧૨.૨) જેથી ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા મુજબ વળતરની રકમ ઉપર અરજીની તારીખથી ચુકવણી તારીખ સુધી વાર્ષિક ૯ ટકાના વ્યાજ દરે થતાં વ્યાજ અને ખર્ચ સાથે સામાવાળા દ્ધારા અરજદારને વળતરની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આમ, ઉપરોક્ત મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૨ નિર્ણયોની ચર્ચા કર્યા મુજબ અંશત:હકારમાં મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>-: હુકમ :-</u>

૧. અરજદારની વળતર અરજી નં.૧૬૪/૨૦૨૧ સામાવાળાઓ સામે **અંશત:મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદાર આ કામના સામાવાળાઓ રકમ પટે **રૂા. ૨,૦૭,૮૫૬/- (અંકે રૂપિયા બે લાખ સાત હજાર આઠસો છપ્પન પુરા)** વળતર અરજી દાખલ કર્યા તારીખથી ચુકવણી તારીખ સુધી પ્રતિ વર્ષ ૯ ટકાના વ્યાજદરે થતી વ્યાજ અને ખર્ચની રકમ સાથે સંયુક્ત અને વિભક્ત રીતે વસુલ મેળવવા હક્કદાર ઠરાવવામાં આવે છે.

૩. સામાવાળાઓ વિરૂધ્ધ એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ આ હુકમની તારીખથી દિન-૩૦ માં ચુકવવાની થતી તમામ રકમ આ ટ્રિબ્યુનલની ઓફિસમાં સંયુક્ત અને વિભક્ત રીતે વચગાળાની રકમ બાદ કર્યા પછી (જો કોઇ એમ.વી. એક્ટ હેઠળ ચુકવેલ હોય) જમા કરાવવાનો નિર્દેશ કરવામાં આવે છે.

૪. સામાવાળાઓ તરફથી વળતરની રકમ ટ્રિબ્યુનલમાં જમા કરાવ્યેથી અરજદારની બાકી નિકળતી કોર્ટ ફી ની રકમ જો હોય તો કપાત કરી બાકીની રકમ અરજદારને સરખા હિસ્સામાં વળતર તરીકે ચુકવવી.

૫. ઉપર મુજબની રકમ કપાત કર્યા બાદ બાકીની રકમ પૈકી ૫૦% રકમ અરજદારને અરજદારની પસંદગીવાળી રાષ્ટ્રીયકૃત બેંકમાં પાંચ વર્ષ માટે ફીક્સ ડીપોઝીટ કરવી તથા બાકીની રહેતી ૫૦% રકમ અરજદારને RTGS/NEFT મારફતે ચુકવવી.

૬. અરજદાર ફીક્સ ડીપોઝીટ ઉપર વ્યાજનો દર સમયાંતરે મેળવવા હક્કદાર રહેશે, પરંતુ આ ટ્રિબ્યુનલની પુર્વ પરવાનગી વિના લોન અથવા એડવાન્સ મેળવવા હક્કદાર રહેશે નહીં.

૭. અરજદારને આજથી એક સપ્તાહની અંદર નીચેની વિગત સબમિટ કરવાનો નિર્દેષ કરવામાં આવે છે.

૧. અરજદારનું નામ સરનામા સાથે.

૨. અરજદારની બેંક અને શાખાનું નામ IFSC કોડ સાથે.

૩. બેંક પાસબુકના પ્રથમ પૃષ્ઠની નકલ, જેમાં અરજદારનો ફોટો ફરજીયાતપણે હશે, જે સંબંધિત બેંક દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત થયેલ હશે, તે ઉપલબ્ધ કરાવવું.

વિમા કંપનીએ તથા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાઓએ તા.૨૭.૧૨.૨૦૨૧ ના પરિપત્રમાં નિર્દેશિત મુજબ, રકમ **Account Name :- ADDI DIST AND SESSN JUDGE DHOLKA MACP, Account No.**40723671129, **IFS Code: SBIN**0000364 ખતામાં જમા કરાવવાના રહેશે અને આ રકમ જમા કરાવ્યેથી ઈન્શ્યોરન્સ કંપની અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાનાઓએ રજીસ્ટ્રી ઓફ એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ નાઓને બેંક એડવાઈઝ સાથે જાણ કરતો પ્રિસ્ક્રાઈબ્ડ ફોર્મેટમાં જાણ કરવી.

વળતર ચુકવણીની વિગત નીચે મુજબ છે:

MACP No.	:	
On the file of (Claims Tribunal Name)	:	
Name of the Petitioner/s.	:	
Date of Award.	:	
Compensation Amount.	:	
Name of the bank who Deposit the amount.	:	
Income Tax Deduction at Source.	:	
Bank Transaction Ref. No. Unique Transaction Ref. No. (UTR) No.	:	

૮. અરજદારની વળતરની રકમ NEFT/RTGS મારફતે તેમના બેંકના ખાતામાં જમા કરાવવાની રહેશે.

૯. વળતરની રકમ જમા થયેથી સામાવાળાઓ નાએ પેમેન્ટ એડવાઈઝની ટ્રિબ્યુનલમાં અને અરજદારને અથવા તેમના વકીલશ્રીને કરવી.

૧૦. આવકવેરા અધિનિયમનું ફોર્મ 16-A અરજદારને પ્રદાન કરવુ જોઈએ કે જેના વતી કપાત કરવામાં આવી છે જેથી કરીને તે કપાત કરેલ કરનું રિફંડ મેળવવા માટે સક્ષમ બને.

૧૧. સામાવાળાઓનાએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત દિશાનિર્દેશો અને માર્ગદર્શિકાનું ***The Oriental Insurance Company Vs. Chief Commissioner of Income-Tax (TDS) in R/SPCA No.****4800/2000* ***decided on*** *05/04/2022* મુજબ પાલન કરવા-કરવાનો હુકમ કરવામાં આવે છે.

૧૨. રજીસ્ટ્રી, અરજદાર/ઓ, પ્રતિવાદી/ઓ અને સંબંધિત બેંકોએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા ***Bajaj Allianz General Insurance Company Pvt. Ltd. Vs. Union of India & Ors. in W.P.(Civil) No.****534/2020* માં ઠરાવેલ નિર્દેશોનું પાલન કરવુ.

૧૩. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ ૨૮મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૪/૨૦૨૬
સ્થળ-ધોળકા

(પુર્વજીતસિંહ પ્રવિણસિંહ જાડેજા)
મોટર એક્સીડન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ અને
૮માં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ તથા સેશન્સ જજ,
મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.૦૦૮૩૨